# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત

**ડી. આર. જોષી**
સચિવ,
જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ
અને એડી. સિનિયર સિવિલ જજ,
સુરત.

**ફોન અને ફેક્સ નં:**
૦૨૬૧ – ૨૬૫૧૮૦૪
**E-mail Id:**
dlsa.sur-gj@nic.in

**જિ.કા.સે.સ.મં.સુરત / ૬૯ / ૧૯૫૦ (જ) / ૨૦૨૫** **તારીખ: ૨૧ – ૦૮ – ૨૦૨૫**

**-// અગત્યનું //-**

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી.
જિલ્લા શિક્ષણ કચેરી,
૩જો માળ, જિલ્લા સેવા
સદન-૨; બ્લોક-A, અઠવાલાઈન્સ,
સુરત.

વિષય: આ સાથે સામેલ PLV ની ભરતી અંગેની જાહેરાત આપની જાણ તથા નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવા બાબત.

સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય અનુસંધાને આપશ્રીને જણાવવાનું કે, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત જિલ્લાના જુદા જુદા તાલુકાઓ તથા અત્રે મુખ્ય મથક માટે પેરા-લીગલ વોલન્ટીયર્સ (PLV) ની નિયુક્તી કરવાની છે. જે અંગેની ભરતી જાહેરાતને આપના તર્ફે આ સાથે રવાના કરીએ છીએ જેને આપના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી ઘટતુ કરવા અરજ છે.

આભાર સહ.....

(ડી. આર. જોષી)
સચિવ,
જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત.

બિડાણ: PLV ની ભરતી અંગેની જાહેરાતની કોપી

# જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત

**આર.એ.ત્રીવેદી**
અધ્યક્ષ
જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ
અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ..
**ડિ.આર.જોષી**
સચિવ
એડી.સિનીયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજી.

ફોન અને ફેકસ નં.:
0261-2651804

E-mail id: dlsa.sur-gj@nic.in

જાહેરાત ક્રમાંક : 69/.......1842............./2025
તારીખ : ઓગષ્ટ ..26...., 2025

## સુરત / ચોર્યાસી / ઓલપાડ / માંગરોળ / મહુવા / બારડોલી / કઠોર / માંડવી / પલસાણા / ઉમરપાડા તાલુકા કાનૂની સેવા સમિતિ માટે પેરા–લીગલ વોલન્ટીયર્સની નિયુક્તી માટેની જાહેરાતઃ

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત દ્વારા જીલ્લામાં ગ્રામ પંચાયત કચેરીઓ તથા પોલીસ સ્ટેશનો તથા જેલો ઉપર તથા સ્થાનિક સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનૂની સેવા કાર્યક્રમોના આયોજન માટે તેમજ કાનૂની જાગૃતિના પ્રચારના હેતુ માટે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ Scheme for Para-Legal Volunteers (Revised) & NALSA (Legal Services Clinics in Universities, Law Colleges and other Institutions) Scheme, 2013 માં આપવામાં આવેલ દિશાનિર્દેશો મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ નિર્દેશો મુજબ સુરત / ચોર્યાસી / ઓલપાડ / માંગરોળ / મહુવા / બારડોલી / કઠોર / માંડવી / પલસાણા / ઉમરપાડા તાલુકા કાનૂની સેવા સમિતિ માટે પેરા–લીગલ વોલન્ટીયર્સ (P L V) ની નિયુક્તી કરવાની છે.

(૧) **શૈક્ષણિક લાયકાતઃ**

- ઉમેદવારે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની સેકન્ડરી પરીક્ષા – વિજ્ઞાન / વાણિજ્ય / વિનિયન / કલામાં અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.
- અરજદારને દેવનાગરી ગુજરાતી લિપીમાં ગુજરાતી લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઇએ.

(૨) **માનદ વેતનઃ**

પ્રત્યેક પેરા–લીગલ વોલન્ટીયરને **પ્રતિ કાર્ય દિવસ માટે રૂ. 750/–** નું માનદ વેતન વાસ્તવિક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનું મહેનતાણું કે ચુકવણું ચુકવવામાં આવશે નહિં.

(૩) **આવેદન પત્રઃ**

આ ભરતી માટે અરજદારે આ જાહેરાતમાં આપેલ નમૂના મુજબ આવેદનપત્ર રજૂ કરવાનું રહેશે.

(૪) **અરજીની સાથે નીચે લખેલ આધારો પ્રસ્તુત કરવાઃ**

- જન્મતારીખ નો દાખલા / શાળા છોડયાના દાખલા ની પ્રમાણિત નકલ
- શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ.
- જાતિના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ.
- અરજી ઉપર સ્વહસ્તાક્ષર વાળો પાસપોર્ટ સાઇઝનો નવો ફોટો લગાડેલ હોવો જોઇએ.
- આધાર કાર્ડ, પાન કાર્ડ, સેવીંગ બેંક એકાઉન્ટની પાસબુકના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ.
- બે ચારિત્ર્ય અંગેના અસલ પ્રમાણપત્ર (તારીખ સહિત) કે જે છ માસથી જુના ન હોવા જોઇએ.

(૫) **અરજી કરવાની અંતિમ તારીખ:**

- અરજી કરવાની અંતિમ તારીખ 30/09/2025 છે.
- નિયત કરેલ તારીખ પછી મળેલ અરજીઓ, અપૂરતી અરજીઓ અથવા ક્ષતિયુક્ત અરજીઓ ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહિં.

(૬) **અરજી કરવાનું સ્થળ:**

ઉમેદવાર પોતાની અરજી નીચે જણાવેલ : સ્થળ ઉપર કચેરીના ચાલુ કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી શકશે.

- **સુરત શહેર માટે:-**
  સચિવશ્રી, જીલ્લા કાનૂની સેવા સતામંડળ, રૂમ નં. ૭૨૩, સાતમો માળ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઇન્સ, સુરત.

- **ચોર્યાસી તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ ચોર્યાસી, રૂમ નં.૫૨૪, પાંચમો માળ, જીલ્લા ન્યાયાલય, અઠવાલાઇન્સ, સુરત.

- **ઓલપાડ તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, ઓલપાડ તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, ઓલપાડ, જી.સુરત.

- **માંગરોળ તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, માંગરોળ તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, માંગરોળ, જી.સુરત.

- **મહુવા તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, મહુવા તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, મહુવા, જી.સુરત.

- **બારડોલી તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, બારડોલી તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, બારડોલી, જી.સુરત.

- **કઠોર તાલુકા માટે:-**
  અધ્યક્ષશ્રી, કઠોર તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, કઠોર, જી.સુરત.

- **માંડવી તાલુકા માટેઃ-**
  અધ્યક્ષશ્રી, માંડવી તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, માંડવી, જી.સુરત.

- **પલસાણા તાલુકા માટેઃ-**
  અધ્યક્ષશ્રી, પલસાણા તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, પલસાણા, જી.સુરત

- **ઉમરપાડા તાલુકા માટેઃ-**
  અધ્યક્ષશ્રી, ઉમરપાડા તાલુકા કાનૂની સેવા સમિતિ, સિવીલ કોર્ટ, ઉમરપાડા, જી.સુરત

(૭) **કામગીરી કરવાનું પસંદગીનું સ્થળઃ**

ઉમેદવારે પોતાના આવેદનપત્રમાં પેરા-લીગલ વોલન્ટીયર તરીકે કયા સ્થાને એટલે કે જીલ્લા કક્ષાએ, તાલુકા સ્તર પર અથવા ગામના સ્તર પર પેરા-લીગલ વોલન્ટીયર તરીકે કાર્ય કરવા માંગે છે તે જણાવવાનું આવશ્યક છે.

(૮) **પાત્રતાઃ**

પેરા-લીગલ વોલન્ટીયરની પસંદગી કરતી વખતે જો જરૂરિયાતથી વધારે અરજીઓ પ્રાપ્ત થશે તો અરજીઓનું શોર્ટલીસ્ટીંગ કરી, ઉમેદવારોને મૌખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. પેરા-લીગલ વોલન્ટીયરની પસંદગી માટે અનુસૂચિત જાતિ / અનુસુચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના ઉમેદવારોના સંબંધમાં તેઓનું પ્રતિનિધિત્વ પણ સુનિશ્ચિત કરવામાં આવશે તેમજ મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

**નીચે જણાવેલ વ્યક્તિઓ પણ પેરા-લીગલ વોલન્ટીયર બનવા માટે અરજી કરી શકે છેઃ**

- શિક્ષક, નિવૃત શિક્ષક, નિવૃત સરકારી કર્મચારી, વરિષ્ઠ નાગરિક, એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થી તેમજ અધ્યાપક, આંગણવાડી કાર્યકર્તા, ડોક્ટર/ફીજીશીયન, વિદ્યાર્થી તેમજ કાયદાના વિદ્યાર્થી (જ્યાં સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થાય ત્યાં સુધી).
- સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ એન.જી.ઓ. અથવા કલબના સભ્યો, મહિલા ગ્રુપ/ મૈત્રી સંગમ/ સ્વયં સહાયતા સમૂહ ના સભ્યો.

➢ શિક્ષિત કેદી કે જેનો સારો વ્યવહાર હોય અને લાંબા સમયથી સજા ભોગવતો હોય, અન્ય કોઈ વ્યક્તિ કે જેને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ સક્ષમ અને યોગ્ય સમજે.

૯) **<u>પસંદગી પામેલ પી.એલ.વી. ની ફરજો (ડ્યુટી) નીચે મુજબ રહેશે:</u>**

૧) સમાજના નબળા વર્ગના લોકોને તેઓના કાનૂની અધિકારોથી જાણકાર કરવા.

૨) સામાન્ય નાગરિકોને તેઓના કોર્ટના કેસો અંગે વૈકલ્પીક તકરાર નિવારણ માધ્યમો જેવા કે લોક અદાલત, મધ્યસ્થીકરણ, લવાદ, કન્સીલીચેશન, ન્યાયિક સમાધાન બાબતે જાણકારી આપવી.

૩) પેરા-લીગલ વોલન્ટીયરે તેઓના ક્ષેત્રમાં થતી વિવિધ પ્રવૃત્તિઓ ઉપર નજર રાખવી તેમજ અન્યાય થતો હોવાની સ્થિતિમાં, જીલ્લા કાનૂની સેવા સત્તામંડળને લેખિત કે મૌખિકમાં જાણ કરવી.

૪) જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા તાલૂકા કાનૂની સેવા સમિતિ દ્ધારા અધિકૃત કર્યેથી પેરા-લીગલ વોલન્ટીયરે જેલ, લોક-અપ, મનોચિકિત્સક હોસ્પીટલ, ચિલ્ડ્રન હોમ/ઓબઝર્વેશન હોમ, વગેરેની મુલાકાત લેવાની રહેશે તેમજ તેમાં રહેલ ઇન્મેટ્સને કાનૂની અધિકારોથી વાકેફ કરવાના રહેશે.

૬) બાળકોના અધિકારો, બાળ મજૂરી, બાળકોનું ગુમ થવુ, સ્ત્રીઓના ગેરકાયદેસર રીતે થતા વ્યાપાર સંબંધેના કાનૂનોનું ઉલ્લંઘન થાય ત્યારે તે અંગેની માહિતી નજીકની કાનૂની સેવા સમિતિને આપવી.

૭) વિવાદોનું નિરાકરણ, પ્રિ-લીટીગેશન, લોક અદાલત, મધ્યસ્થીકરણ, અંગે માહિતી આપવી તેમજ તેની ઉપયોગીતા સમજાવવી.

૮) પેરા-લીગલ વોલન્ટીયરે જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્ધારા આપવામાં આવતી મફત કાનૂની સહાયની જાણકારી તેમના ક્ષેત્રના લોકો આપવી તેમજ કાનૂની જાગૃતિ કાર્યક્રમો તેમજ શિબિરો કરવી.

૯) જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્ધારા વિભિન્ન યોજનાઓ સંબંધે જે જે પેમ્ફલેટ તથા ચોપાનીયા, વગેરે પેરા-લીગલ વોલન્ટીયરને આપવામાં આવશે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

**નોંધ: નિમ્નલિખિત વ્યક્તિઓ પેરા-લીગલ વોલન્ટીયર્સ તરીકે અરજી કરવાપાત્ર રહેશે નહિં:**

- વકીલ, રાજકીય સંગઠનો સાથે સક્રિય રૂપે જોડાયેલ વ્યક્તિ, રાજકીય સંગઠનો સાથે જોડાયેલ એન.જી.ઓ. ના કાર્યકર્તા, કોઇ પણ ગુન્હા માટે દોષીત થયેલ વ્યક્તિ અથવા એવો કોઇ પણ વ્યક્તિ કે જેની સામે કોઇ પણ ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી ચાલુ હોય, કોઇ પણ વ્યક્તિ કે જે માનસિક રીતે પેરા-લીગલ વોલન્ટીયર તરીકે કામ કરવા માટે અસક્ષમ હોય, કોઇ પણ વ્યક્તિ કે જેના વ્યક્તિગત હિત પેરા લીગલ વોલન્ટીયર સ્કીમના હિતોને કોઇ પણ રીતે પ્રભાવિત કરતાં હોય.

**૧૦) પેરા-લીગલ વોલન્ટીયરની નિમણુંક તથા હકાલપટ્ટી ના સંબંધીત સંપૂર્ણ અધિકાર અધ્યક્ષ, જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત ની પાસે સુરક્ષિત રહેશે.**

**નોંધ: આવેદન કરનાર આ સાથે જોડેલ અરજીના નમૂનામાં જ અરજી કરશે.**

R A Trivedi

(આર.એ.ત્રીવેદી)
અધ્યક્ષ
જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરત
જીલ્લા ન્યાયાલય, આઠવા લાઇન્સ, સુરત

તા. 26/08/2025
સુરત

બહોળી પ્રસિદ્ધી માટે તથા જાણકારી માટે નકલ સવિનય રવાના:
પ્રતિ:

- જીલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, કલેક્ટર કચરી, સુરત.
- જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પંચાયત, બહુમાળી ભવન, સુરત
- રજીસ્ટ્રારશ્રી, જીલ્લા ન્યાયાલય, સુરત.
- રજીસ્ટ્રારશ્રી, ફેમીલી કોર્ટ / ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ / લેબર કોર્ટ / કન્ઝ્યુમર કોર્ટ, સુરત.
- રજીસ્ટ્રાર શ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત મહા વિદ્યાલય, સુરત.
- અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતિ, ચોર્યાસી / બારડોલી / કઠોર / ઓલપાડ / મહુવા / માંડવી / માંગરોળ / પલસાણા / ઉમરપાડા.
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી પ્રાથમિક અને માધ્યમિક, સુરત.
- જીલ્લા રોજગાર અધિકારી, સુરત.
- આચાર્યશ્રી, ______________________________ કોલેજ, સુરત.
- ______________________________________

# : : પેરા લીગલ વોલંટીયર (પી.એલ.વી.)ની નિયુક્તી માટેના ઉમેદવારી પત્રનો નમૂનો : :

અરજી નંબર : ____________

(ફક્ત કચેરના ઉપયોગ માટે)

ઉમેદવારનો સ્વ હસ્તાક્ષર વાળો નવીનતમ પાસપોર્ટ સાઈઝનો ફોટો

નોંધ : તમામ માહિતી માત્ર અંગ્રજીમાં અને કેપીટલ અક્ષરોમાં જ ભરવી.

| | | | |
|---|---|---|---|
| ૧) | ઉમેદવારનું નામ | : | (નામ) (પિતા / પતિનું નામ) (અટક) |
| ૨) | પિતા / પતિનું નામ | : | (નામ) (પિતા / પતિનું નામ) (અટક) |
| ૩) | પરિણિત / અપરિણિત | : | |
| ૪) | જાતિ | : | |
| ૫) | વર્ગ (સામાન્ય / અનુ. જા. / અનુ. જ.જા. / સા.શૈ.પછાત) | : | |
| ૬) | આધાર કાર્ડ નંબર | : | |
| | પાન કાર્ડ નંબર | : | |
| | મોબાઈલ નંબર | : | |
| | ઈ–મેઈલ આઈ.ડી. | : | |
| ૭) | ઉમેદવારના સેવીગ એકાઉન્ટ ની માહિતી | : | બેંકનું નામ : |
| | | | બ્રાન્ચનું નામ : |
| | | | એકાઉન્ટ નંબર : |
| | | | **IFSC** કોડ નંબર : |
| ૮) | જન્મ તારીખ (અંકમાં) | : | ___ / ___ / ___ (તારીખ) / (માસ) / (વર્ષ) |
| | જન્મ તારીખ (શબ્દમાં) | : | |

| | | | |
|---|---|---|---|
| ૯) | હાલનું સરનામું | : | |
| ૧૦) | કાયમી સરનામું | : | |
| ૧૧) | હાલના સરનામાના સ્થળથી નજીકનું પોલીસ સ્ટેશન | : | |
| ૧૨) | શૈક્ષણિક લાયકાત | : | |
| ૧૩) | હાલમાં જો નોકરી કે ધંધો કરતા હોય તો તેનું નામ અને સરનામું (નોકરીના કિસ્સામાં માલિકનું એન.ઓ.સી. જોડવું) | : | |
| ૧૪) | જો ઉમેદવાર સેવા નિવૃત કર્મચારી હોય તો કયા પદ ઉપરથી સેવા નિવૃત થયેલ છે તેનું નામ | : | |
| ૧૫) | ઉમેદવાર વિરૂધ્ધ કોઈ ફોજદારી પ્રકરણ ચાલુ છે ? (હાં / નાં ) (જો હાં હોય તો તેની સંપૂર્ણ વિગત) | : | |
| ૧૬) | ઉમેદવાર પી.એલ.વી. તરીકે સુરત શહેર અથવા તાલુકામાં કયા સ્થળ પર સ્વેચ્છાએ ફરજ બજાવવા ઈચ્છે છે? | : | |
| ૧૭) | શું ઉમેદવાર કોઈ રાજકીય પક્ષ કે સામાજીક સંસ્થા કે એન. જી. ઓ. અથવા કોઈ વિશેષ સંગઠન સાથે જોડાયેલ છે? (હાં / નાં ) (જો હાં તો તેની સંપૂર્ણ વિગત) | : | |

હું ______________________________ સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂ છું કે મેં લખેલ ઉપરોક્ત તમામ વિગતો મારી જાણકારી મુજબ સત્ય અને ખરી છે.

ઉમેદવારની સહી: ______________________.

ઉમેદવારનું નામ: ______________________.

તારીખ : / /2025

સ્થળ :